# કુંભારવાડામાં મોડીરાત્રે યુવાનની નિર્મમ હત્યાઃ મૃતકના ઘર પર પથ્થરો ફેંક્યા, એક્ટિવા અને રિક્ષામાં તોડફોડ

## એક્ટિવા ન આપતા યુવકને ૫ શખ્સોએ રહેંસી નાખ્યો હોવાની કેફિયત, પાંચેય આરોપી પોલીસના હાથવેંતમાં



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૬

શહેરના કુંભારવાડા વિસ્તારમાં ગતરાત્રિના સમયે યુવાનની નિર્મમ હત્યા કરી દેવાઈ હતી. એક્ટિવા ન આપવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલી ઉગ્ર બનતા પાંચ શખસે યુવાન પર છરી અને ધારયા વડે હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યો હોવાનું સામે આવ્યું છે. આ બનાવથી ભાવનગરમાં ફરી એક વખત કાયદા કાનૂન સામે સવાલ ઉઠ્યા છે. હત્યાના બનાવના મામલે બોરતળાવ પોલીસે ૫ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આરોપી હાથવેંતમાં હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડ, કર્વાટર નંબર ૬૩ સામે રહેતા સાહિલ જાહિદભાઈ સૈયદની નજીવી બાબતે નિર્મમ હત્યા કરવામાં આવી હતી. આ મામલે મૃતકના દાદાના દીકરા (ભાઈ) મોઈનભાઈ રસુલભાઈ સૈયદ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ તા. ૧૫ જાન્યુઆરીના રાત્રિના આશરે સાડા બાર વાગ્યાના સમયે કાકા જાહીદભાઈના ઘરની નજીક હોબાળો થતા તેઓ ત્યાં પહોંચ્યા હતા. જ્યાં શેરીમાં રહેતા નદીમ મનસુરભાઈ સોરઠીયા, સલીમ કાસમભાઈ સોરઠીયા અને સાહિલ રસુલભાઈ શાહ સહિતના સાહીલ પર હુમલો કરતા જોવા મળ્યા હતા. નદીમ અને સલીમ પાસે છરી, જ્યારે સાહિલ શાહ પાસે ધારિયું હતું.

હુમલામાં નદીમે સાહીલના છાતીના ભાગે છરીનો ઘા કર્યો હતો. સલીમે પડખામાં છરી ઘોંપી હતી અને સાહિલ શાહે માથાના ભાગે ધારિયાનો ઘા મારતા સાહીલ જમીન પર ઢળી પડ્યો હતો. ત્યારબાદ શાહનવાજ સલીમભાઈ સોરઠીયા અને સીદીક સલીમભાઈ સોરઠીયા લાકડાના ધોકા લઈને આવી સાહીલ પર આડેધડ ઘા કાર્ય હતા. આ ઉપરાંત સાહીલના ઘરની ઉપર પથ્થરમારો કરી એક્ટિવા અને ફરિયાદીની રિક્ષામાં તોડફોડ કરી હતી.

ગંભીર રીતે લોહીલુહાણ બનેલા સાહીલને પહેલા રિક્ષામાં અને બાદમાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સર ટી હોસ્પિટલ લઈ જવાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો. પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે, આરોપી નદીમ દ્વારા એક્ટિવા માંગવામાં આવી હતી અને ઈનકાર કરતા આ ઝઘડો હત્યામાં ફેરવાયો હતો.


આ ઘટનાની જાણ થતાં તાત્કાલિક બોરતળાવ પોલીસનો કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસ બાદ પોલીસે આ બનાવમાં સંડોવાયેલા નદીમ મનસુરભાઈ સોરઠીયા, સલીમ કાસમભાઈ સોરઠીયા, સાહિલ રસુલભાઈ શાહ, શાહનવાજ સલીમભાઈ સોરઠીયા તથા સીદીક સલીમભાઈ સોરઠીયા વિરુદ્ધ મ્હજી કલમ ૧૦૩(૧), ૧૨૫(ક), ૧૨૫(ख), ૩૨૪(૪), ૫૪ તેમજ જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી તમામ આરોપીઓને ઝડપી પાડવા માટે તપાસ અને કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

### પાર્ટી કરી અને બાદમાં ઝગડો થયાની ભારે ચર્ચા


કુંભારવાડામાં મૃતક અને હત્યારાઓએ ભેગા મળી મોડી રાત સુધી પાર્ટી કરી હોવાની અને તેમાં કોઈ બાબતે ઝગડો થતા મામલો જીવલેણ હુમલા સુધી પહોંચ્યો હોવાની ભારે ચર્ચા થઈ રહી છે, જોકે, ગંભીર ઈજાગરસ્ત યુવાને ડેમ તોડી દેતા બનાવ હત્યામાં પરિણમ્યો હતો. આ બનાવ બનતા જ પોલીસે છે કે પાર્ટી કરવા ભેગા બેઠા અને તેમાં કોઈ બાબતે ઉશ્કેરાટ ફેલાતા હત્યા થઈ છે તે અંગે પોલીસ તપાસમાં જ સાચી વિગતો સામે આવશે તેમ માનવામાં આવી રહ્યું છે.

રોબોટિક સર્જરી
ડૉ. કેવલ પરમાર
એમ.એસ. ઓર્થોપેડીક (ગોલ્ડ મેડાલીસ્ટ)
ટ્રોમા એન્ડ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ઘૂંટણ બદલવાનું ઓપરેશન
કે.પી હોસ્પિટલ
નિલમબાગ સર્કલ ભાવનગર
(278) 2424108 / 7265833325

EFCEE SAROVAR PREMIERE
bhavnagar
A SAROVAR HOTEL
LEELA WORLD WIDE
Iscon Mega City, Opp. Victoria Park, Bhavagar - 364002
Reservations : +91 7575005171
esp@sarovarhotels.com



# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રૂ.૧૫૬ કરોડથી વધુના વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ



ભાવનગર,તા.૧૬

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે ભાવનગરની મુલાકાતે છે, ત્યારે સૌપ્રથમ સરદારનગર ઓડિટોરિયમ ખાતે મહાનગરપાલિકાના રૂ.૧૫૬ કરોડથી વધુના ખર્ચે વિવિધ જનહિતલક્ષી વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવશે. ત્યારબાદ બપોરે ૪ વાગ્યા આસપાસ જવાહર મેદાન ખાતે કેન્દ્ર અને રાજ્ય સરકારના સહયોગથી ભાવનગર-બોટાદ જિલ્લાના ૨૭૦૦ જેટલા દિવ્યાંગ મિત્રોને આત્મનિર્ભર બનાવવા માટે સાધન સહાય પૂરી પાડવામાં આવશે.

ભાવનગર મહાનગરપાલિકા દ્વારા આશરે રૂ.૧૫૬.૦૧ કરોડના કુલ ૨૩ વિકાસલક્ષી કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવશે, જેમાં રૂ.૧૫૦.૪૫ કરોડના ખર્ચે ૨૦ કામોના ખાતમુહૂર્ત અને રૂ.૫.૫૬ કરોડના ૩ કામોના લોકાર્પણનો સમાવેશ થાય છે આ પ્રોજેક્ટ્સ 'સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના', 'અમૃત ૨.૦' અને 'જીમ્સ ૨.૦' જેવી મહત્વકાંક્ષી યોજનાઓ હેઠળ સાકાર થઈ રહ્યા છે,

ભાવનગરની ઐતિહાસિક ઓળખને આધુનિક માળખાકીય સુવિધાઓ સાથે જોડીને શહેરને વધુ જીવંત અને સુવિધાયુક્ત બનાવવાની દિશામાં મહાનગરપાલિકા દ્વારા ૨૩ જેટલા કામો 'સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અને 'અમૃત ૨.૦' જેવી મહત્વકાંક્ષી યોજનાઓના માધ્યમથી શહેરના છેવાડાના વિસ્તારો સુધી સુવિધાઓ પહોંચાડવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે, પીવાના પાણીના પ્રશ્નોના નિવારણ માટે નવા ઈ.એસ.આર. (ટાંકી) અને પાઈપલાઈન નેટવર્કનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે, જેનાથી અકવાડા, રુવા અને અધેવાડા જેવા વિસ્તારોમાં પાણીનો પુરવઠો વધુ નિયમિત અને દબાણયુક્ત બનશે, ટ્રાફિકની સમસ્યાના કાયમી ઉકેલ માટે રેલવે અંડરબ્રિજ, ફોર-લેન પેવર રોડ અને સિદસર વિસ્તારને જોડતા અત્યાધુનિક પી.ક્યુ.સી. રોડનું આયોજન શહેરની પરિવહન વ્યવસ્થાને વેગ આપશે, પર્યાવરણની સુરક્ષા માટે ઝશ્ઠ વેસ્ટ પ્લાન્ટ અને સામાજિક વિકાસ માટે કમ્યુનિટી હોલ, ફૂડ પાર્ક તથા ફ્લાય ઓવર નીચે સ્પોર્ટ્સ એરિયા જેવા પ્રોજેક્ટ્સ ભાવનગરની સુંદરતામાં વધારો કરશે, આ વિકાસલક્ષી કાર્યો ભાવનગરને રહેવા માટે એક ઉત્તમ, સ્વચ્છ અને સ્માર્ટ શહેર બનાવવાની દિશામાં આગળ વધશે,.

ભારત સરકારના છઙૈં યોજના અંતર્ગત એલ્મિકો દ્વારા ભાવનગર અને બોટાદ જિલ્લામાં એસેસમેન્ટ કેમ્પોનું આયોજન કરી ૨૭૦૦ જેટલાં દિવ્યાંગજનોને ૧૯ જેટલાં સાધન સહાય આપવાનું આયોજન કરવામાં આવ્યું છે, આ તમામ લાભાર્થીઓ આવી યોજનાનો પૂરતો લાભ લઈ શકે તે માટે જરૂરી તમામ વ્યવસ્થાઓ કરવા તેમણે સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં અનુસંધાન ૬

**સરદારનગર ઓડિટોરિયમ ખાતેથી જનહિતલક્ષી વિકાસકામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ તથા જવાહર મેદાન ખાતે ભાવનગર-બોટાદ જિલ્લાના દિવ્યાંગોને આત્મનિર્ભર બનાવવા માટે સાધન સહાયનું વિતરણ**

# ટ્રકે અડફેટે લેતા બાઈક ચાલક યુવાનને ઈજા

## અલકા સિનેમા નજીકના બનાવની નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ




ભાવનગર,તા.૧૬

ભાવનગર શહેરના અલકા સિનેમાથી ચાવડીગેટ જવાના રસ્તે બાઈક લઈને તેમના પિતાને ટિફિન દેવા જતા હતા ત્યારે એક ટ્રક ચાલકે અડફેટે લેતા ઈજા થયેલ આ બનાવ અંગે ઈજાગ્રસ્ત યુવાનના બનેવીએ ફરિયાદ નોંધાવતા નિલમબાગ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો અનુસાર શહેરના વડવા માઢીયાફળી, દિના એપાર્ટમેન્ટની સામે અલકા રોડ પાર રહેતા અનીશભાઈ યુસુફભાઇ કુરેશીએ ટ્રક નંબર જીજે૦૪એક્સ-૬૧૦૫ના ચાલક સામે એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે તેનો સાળો અસ્લમ ઈસુબભાઈ પઠાણ પોતાનું બાઈક નંબર જીજે૦૪ડીઆર- ૩૩૭૧ લઈને કુંભારવાડા મોતીતળાવ ખાતે નોકરી કરતા તેના પિતાને ટિફિન દેવા અલકા રોડ પરથી જઈ રહ્યો હતો ત્યારે ટ્રક ચાલકે પુરઝડપે બેફિકરાઈથી પોતાનું વાહન ચલાવી અકસ્માત કરી ઈજા કરતા અસ્લમને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયેલ આ બનાવ અંગે નિલમબાગ પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ બીએનએસની કલમ ૨૮૧, ૧૨૫-એ, ૧૨૫-બી તથા મોટર વાહન અધિનિયમ ૧૭૭, ૧૮૪ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ધાબા પર દીકરીઓના ફોટા પાડયાની શંકાથી છોકરાઓનો મોબાઈલ ચેક કરતા માર માર્યો

## મહુવાના મોટી જાગધાર ગામના બનાવની ૯ શખ્સો સામે દાઠા પોલીસ મથકમાં ફરિયાદ

ભાવનગર,તા.૧૬

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોટી જાગધાર ગામે મકરસંક્રાંતિના તહેવારમાં ધાબા ઉપર પતંગ ચગાવતી દીકરીઓના ગામનાજ છોકરાઓએ ફોટા પાડ્યા હોવાની શંકા જતા તેમના ફોન ચેક કરતા છોકરાઓએ તેમના ઘરના લોકોને બોલાવતા તેઓએ આવી ઝગડો કરી માર માર્યાની ૯ શખ્સો સામે દાઠા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ મહુવા તાલુકાના મોટી જાગધાર ગામે રહેતા મોહનભાઈ ઘેલાભાઈ પરમારે તેના ગામનાજ અજીતસિંહ રણુભા સરવૈયા, પદુભા ઉમેદસિંહ સરવૈયા, વિરામદેવસિંહ મનુભા સરવૈયા, હરદીપસિંહ અશ્વીનસિંહ સરવૈયા, અજયરાજસિંહ શૈલેન્દ્રસિંહ સરવૈયા, અશોકસિંહ જામભા સરવૈયા, નરેન્દ્રસિંહ અજીતસિંહ સરવૈયા, અર્જુનસિંહ જામભા સરવૈયા તથા અશ્વીનસિંહ ઘેલુભા સરવૈયા સહીત ૯ શખ્સો સામે એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે મકરસંક્રાંતિના દિવસે બપોરના સમયે તેની દીકરી તથા ભત્રીજીઓ ધાબા ઉપર પતંગ ચગાવી રહી હતી ત્યારે તેના ભાઈ અશોકભાઈને લાગેલ કે તેના ગામના છોકરાઓ દીકરીઓના ફોટા પડે છે આથી અશોકભાઈએ બહાર ગયેલા તેના ભાઈ મોહનભાઈને એટલે કે મને ફોન કરીને બોલાવેલ આથી હું ઘરે જતા અશોકભાઈ છોકરાઓનો મોબાઈલ ચેક કરતા હતા ત્યારે છોકરાઓએ કહેલ કે અમે દરબારોના છોકરા છીએ તેમ કહી છોકરાઓએ તેમના ઘરના સભ્યોને અશોકભાઈ અમારી સાથે ઝગડો કરે છે તમે જલ્દી આવો તેમ કહી બોલાવતા ઉપરોક્ત શખ્સો આવી ગયેલ અને તેઓએ અશોકભાઈ, મોહનભાઈ તથા તેની દીકરીને માર મારેલ દરમિયાન લોકો એકઠા થઈ જતા પથ્થરોના ઘા કરી તેઓ નાસી ગયેલ બાદ ત્રણેયને ઈજા થતા મહુવાની હનુમંત હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયેલ આ બનાવ અંગે દાઠા પોલીસે ઉપરોક્ત નવેય શખ્સો સામે બીએનએસની કલમ ૧૮૯-૨, ૧૯૧-૨, ૧૯૦, ૧૦૯, ૧૨૫-એ, ૧૧૭-૨, ૧૧૫-૨ તથા જીપીએ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ પતાસા હાથ ધરી છે.

### ભત્રીજાને છોડાવવા જતા માર માર્યાની ત્રણ સામે ફરિયાદ

મોટી જાગધારના અશોકસિંહ જામભા સરવૈયાએ તેના ગામનાજ અશોક ઘેલાભાઈ પરમાર, પરેશ ઓઘડભાઈ પરમાર તથા હરદેવ ઓઘડભાઈ પરમાર સામે એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે શેરીમાં લોકોના ટોળા એકઠા થયા હોય શું થયું તે જોવા હું ત્યાં ગયો તો ઉપરોક્ત શખ્સો મારા ભત્રીજાનો ફોન ચેક કરી તેની સાથે ઝગડો કરતા હોય હું તેને છોડાવવા જતા તેઓએ મારી સાથે પણ ઝગડો કરી મારમારી ઈજા કરેલ. આ બનાવ અંગે દાઠા પોલીસે બીએનએસની કલમ ૧૧૫-૨, ૫૪ મુજબ સામી ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# બહુચર્ચીત બગદાણા હુમલા પ્રકરણમાં એસઆઈટીએ વધુ એક શંકાસ્પદને ઉઠાવ્યો

## સાંજણાસર ગામના શખ્સની હાથ ધરાઈ પુછતાછ



ભાવનગર,તા.૧૬

બહુચર્ચિત અને હાઈ પ્રોફાઈલ બની ગયેલા બગદાણા હુમલા પ્રકરણમાં એસઆઈટીને તપાસનો દૌર સોપાયો ત્યારથી જ નવા ફણગા ફુટી રહ્યા છે અગાઉ તત્કાલીકન પીઆઈઓને તપાસમાં બેદરકારી કે અન્ય કોઈ કારણો સબબ નોટીસ પાઠવાઈ છે અને ૧૭મીએ આઈજી સમક્ષ જવાબ માટે બોલાવાયા છે બીજી બાજુ તપાસની એસઆઈટીની ટીમ દ્વારા જુદા જુદા શંકાસ્પદોની પુછતાછ ચાલી રહી છે.

બગદાણાના નવનીત બાલધીયા પર હુમલો કરવાના કેસમાં અગાઉ આઠ આરોપીની સત્તાવાર ધરપકડ કરી છે ત્યારબાદ એસઆઈટી દ્વારા વધુ બે શખ્સોની અટકાયત કરાઈ હોવાનું કહેવાય છે. જે બન્ને શખ્સો દાઠા નજીકના કોદીયા ગામના છે. જયારે ગઈકાલે એસઆઈટીની ટીમ દ્વારા સાંજણાસર ગામના એક શખ્સને પુછતાછ માટે બોલાવાયો હોવાનું સુત્રો દ્વારા જાણવા મળી રહ્યુ છે. હાલાકી આ બહુચર્ચીત મામલામાં તપાસનીસ એસઆઈટી દ્વારા હજુ સુધી એક પણ સત્તાવાર નિવેદન આવ્યુ નથી. તપાસ પૂર્ણ થયે અને ચોક્કસ પુરાવાઓ હાથ લાગ્યા બાદ જ સમગ્ર મામલે રેન્જ આઈજી દ્વારા વિગતો જાહેર થવાનું અનુમાન છે.

# સગીરાને ભગાડી ગયાની ફરિયાદ કરતા પરિવાર પર હુમલો- મહિલાની હત્યા

## આરોપી પકડાય નહિ ત્યાં સુધી ભાવનગર હોસ્પિટલમાંથી મૃતદેહ સ્વીકારવાનો ઇન્કાર, એક મહિલા સહીત ત્રણને ઈજા



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૧૬

બોટાદના તુરખા ગામે રહેતા એક પરિવારની સગીર વયની દીકરીને ગામનોજ યુવક ભગાડી ગયો હોય આ અંગેની ફરિયાદ નોંધાવતા તેની દાઝ રાખીને ૧૦થી ૧૨ જેટલા શખ્સોએ તીક્ષ્ણ હથિયારો વડે પરિવાર ઉપર હુમલો કરી એક મહિલાની હત્યા કરેલ જયારે વધુ એક મહિલા સહીત ત્રણ શખ્સોને ઈજા થતા તેઓને સારવારમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જયારે મહિલાના મૃતદેહને પીએમ અર્થે ભાવનગર હોસ્પિટલ ખસેડાયેલ જ્યાં પરિવારજનોએ આરોપી ના પકડાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ બોટાદના તુરખા ગામે રહેતા પરિવારની ૧૬વર્ષની સગીરવયની દીકરી પાંચેક દિવસ પહેલા સ્કૂલ ડ્રેસ પહેરીને શાળાએ જતી હતી ત્યારે તેના ગામનોજ મનોજ ભરતભાઈ સાગઠીયા નામનો શખ્સ લલચાવી ફોસલાવી ભગાડી ગયેલ, આ બનાવની પરિવારને દીકરી બપોરે ઘરે જમવા ના આવી એટલે સ્કૂલે તપાસ કરતા તેણી આજે સ્કૂલે આવીજ ના હોવાનું કહેવામાં આવતા શોધખોળ કરતા જાણવા મળતા મનોજ સામે ફરિયાદ નોંધાવેલ પરંતુ હજુ સુધી તેની કોઈ ભાળ મળેલ નથી.

દરમિયાન મનોજ સામે તેની દીકરીને ભગાડી ગયાની પોલીસ ફરિયાદ કરાયાની દાજ રાખી ગઈકાલે ગુરુવારે કુલદીપ નાગજીભાઈ સાગઠીયા, નાગજીભાઈ ખોડાભાઈ સાગઠીયા, નરેન્દ્ર મંગાભાઈ, પંકજ મંગાભાઇ, દિપક બાબુભાઈ બિપિન દાનાભાઇ તેમજ અજાણ્યા ત્રણ પુરુષ અને ત્રણ મહિલા સહીત ૧૨ જેટલા લોકોના ટોળાએ તીક્ષ્ણ હથિયારો સાથે તેમના ઘરે આવી હુમલો કર્યો હતો અને મહિલાઓ સહિતને હથિયારો વડે આડેધડ માર મારી જીવલેણ હુમલો કરતા નાનીબેન લક્ષ્મણભાઈ પરમારને ગંભીર ઈજા થતા તેનું મોટ થયું હતું અને ધનજીભાઈ લક્ષ્મણભાઈ પરમાર, મહેશ લક્ષ્મણભાઈ પરમાર તથા નીંગાલાથી મહેમાન તરીકે આવેલા કમુબેન બાલાભાઈ પરમારને ગંભીર ઈજા થતા તેઓને હોસ્પિટલ ખસેડાયા હતા આ બનાવની જાણ કરતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને નાનીબેનનું મોટ થતા બનાવ હત્યામાં પરિણમ્યો હોય નાનીબેનના મૃતદેહને પીએમ માટે ભાવનગર સરટી હોસ્પિટલમાં ખસેડાયેલ જ્યાં આજે પરિવાર જનોએ આરોપીઓ પકડાય નહિ અને તેમની સામે કડક કાર્યવાહી ના થાય ત્યાં સુધી મૃતદેહને સ્વીકારવાનો ઈન્કાર કરતા ખળભળાટ મચી જવા પામયો છે. આ બનાવથી હોસ્પપિટલ ખાતે દલિત સમાજના ટોળા ઉમટી રહ્યા છે અને ન્યાયની માંગણી કરાઈ રહી છે.

# મકાન ખાલી કરવાનું કહી ભાઈએ ભાઈને છરીનો એક ઘા ઝીકી દીધો

## શહેરના રાણીકા વિસ્તારના બનાવમાં યુવકે માતા અને ભાઈ સામે નોંધાવી ફરિયાદ



ભાવનગર,તા.૧૬

વર્ષોથી સંયુક્ત કુટુંબમાં રહેતા અને છેલ્લા ચારેક મહિનાથી એક ભાઈ અને તેના પત્ની અલગ રહેવા ગયેલા જતા તે ન ગમતા બીજા ભાઈ અને માટે ઝગડો કરી મકાન ખાલી કરી નાખવાનું કહીને ભાઈએ ગાળો આપી છરીનો એક ઘા જીકી દઈને ઈજા કર્યાની માતા તથા ભાઈ સામે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ શહેરના કરચલિયાપરા આગરીયાવાડ, રાંદલમાતાના ચોકમાં ભાવનગર ખાતે રહેતા કમલેશ ઉર્ફે ડાબર મહેશભાઈ વાજાએ ગંગાજળિયા પોલીસ મથકમાં રાણીકા વિસ્તારમાં રહેતા તેના માતા ભાવુબેન મહેશભાઈ વાજા તથા તેનો ભાઈ બિરજુ ઉર્ફે પોચો મહેશભાઈ વાજા સામે એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે તેઓ બધા સંયુક્ત પરિવારમાં રહેતા હતા પરંતુ છેલ્લા ચારેક મહિનાથી તેઓ તેમના પત્ની સાથે કરચલિયા પરામાં અલગ રહેવા ગયા હતા જે ભાઈ તથા માતાને ગમતી વાત ના હતી. આથી ગઈકાલે ગુરુવારે તેના માતા તથા ભાઈ બિરજુએ આવી બહારથીજ ગાળો બોલવા લાગેલ આથી તેઓ તથા તેમના પત્ની બહાર જઈને ગાળો બોલવાની ના પાડતા માં દીકરો ઉશ્કેરાઈ ગયેલ અને બિરજુએ તેની પાસે રહેલી છરી કાઢી તેને પેટની નીચેના ભાગે એક ઘા મારી દઈ ઈજા કરેલ દરમિયાન દેકારો થતા લોકો એકઠા થઈ જતા બંને જતા રહેલ અને જતા જતા કહેતા ગયેલ કે મકાન ખાલી કરી નાખજે નહીતો જીવતો નહિ રહેવા દઈએ. આ બનાવ અંગે ગંગાજળિયા પોલીસે બીએનએસની કલમ ૧૧૮-૧, ૩૫૨, ૩૫૧-૩, ૫૪ તથા જીપીએ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.